નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ હેઠળની સમાજ કલ્યાણ નિરીક્ષક (વર્ગ-૩) સંવર્ગની હંગામી જગ્યાઓને કાયમી જગ્યામાં રૂપાંતરિત કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક: SJED/EOD/e-file/17/2025/1818/A Section
સચિવાલય, ગાંધીનગર.
તા: *e-sign* મુજબ

**વંચાણે લીધા:**

૧. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૩૦/૦૭/૧૯૮૭નો ઠરાવ ક્રમાંક: બીસીઇ/૧૦૮૬/૨૨૧૪/જ

૨. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૧/૦૪/૨૦૨૫નો ઠરાવ ક્રમાંક: SJED/EOD/e- file/17/2023/0542/A section

૩. નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા:૩૧/૦૭/૨૦૨૫નો પત્રાંક: DDCW/ADMIN/e-file/225/2025/0408/M-Branch/Adm.

**આમુખ:**

નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ હેઠળ સમાજ કલ્યાણ નિરીક્ષક (વર્ગ-૩) સંવર્ગની જગ્યાઓ કાર્યરત છે. વિભાગના વંચાણે લીધેલ ક્રમ (૧) પરના ઠરાવથી આ સંવર્ગની ૨૧ હંગામી જગ્યાઓને કાયમી જગ્યામાં રૂપાંતરીત કરવામાં આવેલ છે. ત્યારબાદ વખતો વખતના ઠરાવથી આ સંવર્ગની હંગામી જગ્યાઓ ચાલું રાખવામાં આવેલ છે. છેલ્લે વિભાગના વંચાણે લીધેલ ક્રમ (૨) પરના ઠરાવથી આ સંવર્ગની હંગામી જગ્યાઓને તા:૨૮/૦૨/૨૦૨૬ સુધી ચાલું રાખવાની મંજૂરી આપવામાં આવેલ છે.

નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણના વંચાણે લીધેલ ક્રમાંક (૩) પરના પત્રથી, આ સંવર્ગની હંગામી જગ્યાઓ પૈકી ૦૩ જગ્યાઓને કાયમી જગ્યામાં રૂપાંતરીત કરવા અંગે દરખાસ્ત કરવામાં આવેલ, જે અન્વયે સમાજ કલ્યાણ નિરીક્ષક (વર્ગ-૩)ની જગ્યાઓને કાયમી કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

પુખ્ત વિચારણાને અંતે નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ હેઠળના સમાજ કલ્યાણ નિરીક્ષક (વર્ગ-૩)ની નીચે મુજબની ૦૩ (ત્રણ) હંગામી જગ્યાઓને કાયમી જગ્યામાં રૂપાંતરીત કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

| ક્રમ | કચેરી | રીમાર્ક્સ |
|---|---|---|
| ૧. | વડી કચેરી – નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણની કચેરી, ગાંધીનગર | તત્સમયે નામાભિધાન હેડક્લાર્ક |
| ૨. | જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી, મહેસાણા | વિસનગર તાલુકા માટે ઉભી કરવામાં આવેલ જગ્યા |
| ૩. | જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી, મહેસાણા | ખેરાલુ તાલુકા માટે ઉભી કરવામાં આવેલ જગ્યા |

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા સલાહકારશ્રીના પરામર્શમાં સક્ષમ કક્ષાએ તા.૧૯/૦૯/૨૦૨૫ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

e-sd/-
(સમીર ગરાસીયા)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

**નકલ રવાના:-**

નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, બ્લોક નં. ૪/૩ ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

એકાઉન્ટ જનરલશ્રી, અમદાવાદ / રાજકોટ

પગાર અને હિસાબી અધિકારી, ગાંધીનગર (મારફત નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ)

નાણા સલાહકારશ્રી (સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ), સચિવાલય, ગાંધીનગર

સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ સદર ઠરાવ વિભાગની વેબ સાઇટ પર અપલોડ કરવા સારૂં...

શાખા સિલેક્ટ ફાઇલ - ૨૦૨૫

નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ - ૨૦૨૫

Signature valid

Signed by:Samir Garasia
Section Officer
Date:2025.09.23
12:31:13 +5:30

File No: SJED/EOD/e-file/17/2025/1818/A Section
Approved By: Joint Secretary,A Section,SJED
*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*